ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



સીમા દવે
ફોન : ૨૩૨૬૦૫૬૨



અમૃતલાલ એમ પરમાર



શાંતિ ત્રિલોકસિંહ રાજપૂત



મિહીરસિંહ મકવાણા
મો. ૯૪૨૪૯ ૭૫૩૪૬

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.


- સંપાદક

# શિવરંજની દ્વારા આજથી 'સ્વરોત્સવ'

ગાંધીનગર, તા. ૧૫

૧૯૭૨થી શરૂ થયેલી સંસ્થા શિવરંજની દ્વારા શુક્રવારથી સ્વરોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સંસ્થાના પ્રમુખ વાગ્મિન બુચ દ્વારા જણાવવામાં આવ્યું છે કે શિવરંજની સંસ્થાની ઉત્તમ કાર્યક્રમો આપવાની પ્રણાલીને ધ્યાનમાં લઈને ગત વર્ષો દરમિયાન યોજાયેલા કાર્યક્રમો હજી ગુણીજનોનાં સ્મરણ પર રમી રહ્યાં છે ત્યારે ગત વર્ષની માફક જ ઉચ્ચ કક્ષાના કાર્યક્રમો નવા વર્ષમાં પણ માણી શકાય તેવા



આયોજન થકી 'સ્વરોત્સવ-૨૦૧૭'થી સંસ્થા કાર્યક્રમોની શરૂઆત કરી રહી છે.

સ્વરોત્સવ અંતર્ગત ૧૬ જૂનના રોજ ઉત્તમ કલાકારો રજૂ કરશે ગુજરાતી ગીતોનો જલસો 'સૂર પુરાવે દિલની ધડકન' શિર્ષક તળે.

૧૭ જૂનના રોજ લોકડાયરામાં સદાય એવરગ્રીન એવા પ્રફુલ્લ દવે દ્વારા લોકડાયરો પ્રસ્તુત થશે, જેમાં તેમની સંગત તેમનાં સંતાનો હાર્દિક દવે અને ઈશાની કરશે.

ગાંધીનગરના ગુણીજનો દ્વારા આવા સુંદર કાર્યક્રમો માણવા માટે તમામ ગૃપમાં સભ્યપદ મેળવવાની કામગીરી ચાલી રહી છે. ગાંધીનગરના તમામ ગુણીજનોને શક્ય તેટલા વહેલા સંસ્થાનું સભ્યપદ તાત્કાલિક રિન્યૂ કરાવવા, મેળવી લેવા તેમણે અનુરોધ કર્યો છે.



ગુજરાત રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ અંતર્ગત ગુજરાત રાજ્યના ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ રમવા આશરે રૂા. ૧૪.૫૦ લાખ જેટલી માતબર રકમની આર્થિક સહાય આપવામાં આવી હતી. સૌ પ્રથમ ચેસના ૧૭ ખેલાડીઓને વિભાગ વતી ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટ્સ ઓફિસર બળદેવભાઈ દેસાઈએ ચેક એનાયત કર્યા હતા. આ ખેલાડીઓમાં ધ્યાના પટેલ, વૃષ્ટિ શાહ, જ્વલીન મહેતા, અનીલાબેન શાહ, ઋત્વી શાહ, વૃંદેશ પારેખ, વ્રજ કાયસ્થ, નૈતિક મહેતા, સાહિલ સમદાણી, કવિશા શાહ, મહિર શાહ, વ્રજ શાહ, નિલ થોમસ, લસાણી કોઠારી, સંજીત મનોહર, સમવીદ કાને અને જોય શાહનો સમાવેશ થતો હતો.

ગુજરાત સ્ટેટ ચેસ એસો. પ્રમુખ અજયભાઈ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ રાગેશભાઈ શાહ અને સૅક્રેટરી ભાવેશ પટેલ દ્વારા રમતગમત વિભાગની આ પહેલને બિરદાવવામાં આવી હતી અને આર્થિક સહાય પ્રાપ્ત કરનાર ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.




ગાંધીનગર, તા. ૧૫

શાળા પ્રવેશોત્સવ અંતર્ગત રાજ્યભરમાં સરકાર તથા પંચાયતો દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ચાલી રહ્યા ચે. આ ક્રમમાં ગાંધીનગરની શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા દ્વારા પણ ગુરુવારે પ્રવેશોત્સવ યોજી બાળકોને ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

'વિદ્યા અમારી શક્તિ છે, વિદ્યા અમારી ભક્તિ છે, વિદ્યા અમારી સંપત્તિ છે'... 'દરેક બાળકને ભણાવો, આવો પ્રવેશોત્સવ મનાવો' જેવા નારા સાથે વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. દરેક બાળકે વિદ્યાની દેવી મા સરસ્વતીને વંદનસહ પ્રાર્થના કરી શાળામાં પ્રવેશ ખર્યો હતો. બાળકોએ સુંદર વેશભૂષામાં તૈયાર થઈને કાર્યક્રમને સુંદર રંગોથી ભરી દીધો હતો. આ પ્રસંગે ધોરણ-૧માં પ્રવેશ લઈ રહેલાં તમામ બાળકોને નાસ્તો અને પૅન્સિલની ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે શેઠ સી એમ હાઈસ્કૂલના આચાર્ય બચુભાઈ પટેલ, શાળાનાં આચાર્ય નીવાબેન પટેલ, સુપરવાઈઝર્સ અને શાળા પરિવારે વિદ્યાર્થીઓનું ભાવિ તેજસ્વી બને તેવા આશિષ પાઠવ્યા હતા.

# પ્રકાશ લાલાના બાળનાટ્ય સંગ્રહને શ્રેષ્ઠ પુસ્તકનું પ્રથમ પારિતોષિક




ગાંધીનગરના વરિષ્ટ નાટ્યકાર, લેખક પ્રકાશ લાલાના બાળનાટ્ય સંગ્રહ 'દીવાથી પ્રગટે દીવા'ને ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી શ્રેષ્ઠ પુસ્તક તરીકેનું પ્રથમ પારિતોષિક જાહેર કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે પ્રકાશ લાલા દ્વારા ૨૦૦૪માં બાળનાટ્ય સંગ્રહ 'હીપ હીપ હુર્રે', ૨૦૦૭માં હાસ્યલેખ સંગ્રહ 'ક્લીનબોલ્ડ' અને ૨૦૧૨માં 'પ્રકાશ લાલાની મનપસંદ બાળવાર્તાઓ' પુસ્તક સમાજને અર્પણ કરવામાં આવ્યાં છે. એ પછી ૨૦૧૪માં 'દીવાથી પ્રગટે દીવો' પુસ્તક પ્રકાશિત થયું છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં પ્રકાશ લાલા લખે છે, 'બાળકોમાં ગમ્મત સાથે સુટેવો ને ચારિત્ર્યનું ઘડતર થાય. આનંદ-વિનોદ સાથે તેમનામાં માનવીય ગુણો અને સંસ્કાર સિંચન થાય તેવાં આ નાટકો છે. હસતાં-રમતાં, કોઈ ભાર વિના, સહજ રીતે કંઈક સંદેશો બાળકો સુધી પહોંચે તેવાં આ બધાં નાટકો છે અને એટલે મારા અગાઉના બાળનાટ્ય સંગ્રહોની જેમ જ આ નવું પુસ્તક પણ આવકાર પામશે અને તેમાંનાં નાટકો બાળકો દ્વારા હોંશે-હોંશે ભજવાશે તેવી આશા છે.'

એમની આ આશા ફળી છે અને આ નવું પુસ્તક એટલું આવકાર પામ્યું છે કે તે પારિતોષિકને હકદાર બની ગયું છે. અનેક કલાસંસ્થાઓમાં માર્ગદર્શક તરીકે જોડાયેલા પ્રકાશ લાલાને અકાદમીનું પારિતોષિક જાહેર થતાં ગાંધીનગરમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે અને તેમના પ્રતિ અભિનંદનોનો પ્રવાહ શરૂ થઈ ગયો છે. હાલ તેઓ દેશની બહાર છે, તેમ છતાં ચાહકો, ભાવકો, સ્નેહીઓ સોશિયલ મીડિયાના માધ્યમથી તેમને અભિનંદન પાઠવી રહ્યા છે.

# માણસા તાલુકાના શિક્ષકોનો ગુરુવંદના સમારોહ શનિવારે

## શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માણસા તાલુકામાં સેવારત સારસ્વતોનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૫

માણસા તાલુકામાં સેવારત ધોરણ-૧થી ૧૨ના સારસ્વતોનો ગુરુવંદના સમારોહ ૧૭મી જૂનના રોજ આનંદી માના વડલે યોજાઈ રહ્યો છે.

આ અંગેની વિગતો આપતાં શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ, માણસાના માનદ મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ કે વ્યાસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સાંપ્રત શિક્ષણ એક સંક્રાન્તિકાળમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે મૂલાધાર સમાન અને મહાન વિચારક ચાણક્યની ધરોહરનું સંવર્ધન કરીને વિદ્યાર્થીઓને જીવનધ્યેય તરફ પ્રેરતા ધ્રુવતારક સમાન, કેળવણીના કસબી, વિદ્યાજગતના વડલા સમાન અને સાંપ્રત યુગના સાંદિપની એવા માણસા તાલુકાના વર્તમાન ધોરણ-૧થી ૧૨ના સૌ સારસ્વતોના સન્માનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સમારોહના અધ્યક્ષ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, મુખ્ય મહેમાન તરીકે પાટીદાર સુકન્યા બોન્ડના શિલ્પી અને સુરતના લવજીભાઈ ડાલીયા (બાદશાહ) તથા ૪૮ ગામ કડવા પાટીદાર સમાજ, અમદાવાદના પ્રમુખ જે એસ પટેલ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે લોક ગાયક ચંદ્રેશભાઈ બારોટ અને લોક સાહિત્યકાર મોરરદાન ગઢવી દ્વારા લોક કસુંબલ ડાયરાની પ્રસ્તુતિ પણ કરવામાં આવશે.

## ડાયરેક્ટ ❤ સે

કપરા તે કાળમાં
સમય વહેતો નથી
સારા તે કાળમાં
હાથમાં રહેતો નથી

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રાબતા
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ધ મમી (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૩૦
ધ મમી (૩ડી, અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
બાહુબલિ-૨ : ૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ
(ગુજરાતી)
૧૨.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૫**
રાબતા : સવારે ૧૦.૦૦
બહેન હોગી તેરી
૧.૦૦, ૪.૦૦
૭.૧૫, ૧૦.૧૫

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા સ્વનિર્ભર કૉમર્સ કૉલેજીસને વધારાના વર્ગોની ફાળવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત યુનિવર્સિટીમાં હાલ કોમર્સ સહિતના પાંચ કોર્સમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. સામાન્ય રીતે દરવર્ષે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારબાદ વિદ્યાર્થીઓ પ્રવેશ વંચિત રહે તો પછી નવા વર્ગોની મંજૂરી આપવી કે નહી તેનો નિર્ણય કરવામાં આવતો હોય છે. પરંતુ આ વખતે હજુ તો પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે ત્યાંજ સ્વનિર્ભર કોલેજ સંચાલકોએ પોતાની હયાત કોલેજોમાં વર્ગ વધારા માટેની દરખાસ્તો કરી દીધી છે. દરખાસ્તો તમામ સ્વનિર્ભર કોલેજોએ કરી છે જે પૈકી ત્રણથી વધુ કોલેજોને તો વર્ગ વધારાની મંજૂરી આપી પણ દેવામાં આવી છે. આમ, પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ સ્વનિર્ભર કોલેજ સંચાલકોને લ્હાણી કરવાનું શરૂ કરી દીધુ હોવાની વિગતો બહાર આવી છે.

યુનિવર્સિટીમાં એક સમયે સ્વનિર્ભર કોલેજોને વર્ગ વધારો આપવાની જાહેરાત થતી ત્યારે જોરદાર વિરોધ અને હોબાળો મચી જતો હતો. આ વખતે યુનિવર્સિટીએ આ પ્રક્રિયા ચૂપચાપ શરૂ કરી દીધી છે. સૂત્રો કહે છે કોઈ વખત ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ઉંચુ આવે અને કોમર્સમાં પ્રવેશની સમસ્યા સર્જાશે તેવી દહેશત ઉભી થાય ત્યારે યુનિવર્સિટી દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવતી હોય છે. આ વખતે સિન્ડિકેટની બેઠકમાં સર્વાનુમતે ત્રણ કોમર્સ કોલેજોને વર્ગ વધારા માટે મંજૂરી આપી દેવામાં આવી હતી. બાકીની સ્વનિર્ભર કોલેજોને વર્ગ વધારો આપવા માટે એલઆઈસીની રચના કરી દેવામાં આવી છે.

## નાયક-ભોજક-વ્યાસ જ્ઞાતિજનો માટે રાહત દરે ચોપડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૫

સમસ્ત નાયક-ભોજક-વ્યાસ જ્ઞાતિજનો માટે રાહત દરે ચોપડાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં આર કે નાયક દ્વારા જણાવવામાં આવ્યું છે કે સમસ્ત નાયક-ભોજન-વ્યાસ જ્ઞાતિજનો માટે શ્રી અસાઈત સેવા સંસ્થાનના સૌજન્યથી એક ડઝનના રૂા. ૯૦ લેખે રાહત દરે ચોપડાનું વિતરણ શરૂ થઈ ગયું છે. આર કે નાયકના નિવાસસ્થાન, બ્લોક નં. ૨૩૦/૨, ડી ટાઈપ, સૅક્ટર-૧૭, ગાંધીનગર ખાતે આ વિતરણનો આરંભ કરવામાં આવ્યો છે, જેનો લાભ લેવા જ્ઞાતિજનોનો અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાષ્ટ્ર માટે ચિંતાકારક બે ક્ષેત્ર : કૃષિ અને શિક્ષણ

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com



જીવન છે ત્યાં દ્વિધા, મુંઝવણ અને મનોમંથન અવશ્ય હોય છે. બધા જ સવાલો હંમેશ માટે જો ઉકેલી શકાય તો પછી જીવન પણ ધબકતું બંધ થઈ જાય છે. વૈયક્તિક વાત હોયકે કોઈ સમુદ્ર કે દેશની હકિકત હોય એ દરેકને પારાવાર પ્રશ્નો પ્રતિદિન નડતા રહે છે અને તેનો ઉકેલ શોધવામાં સમય પસાર થાય ત્યાં બીજા નવા કોયડા નજરે પડે છે અને આ રીતે અવિરત સવાલ અને ઉત્તરની રફતારમાં માનવ જીવન પસાર કરતો રહે છે. ભારતમાં આઝાદી મળ્યા પછીથી ૧૯૯૦ સુધીના સમયગાળામાં બહુ જ પેચિદા પ્રશ્નો પ્રવેશ્યા ન હતા. બધું જ સામાન્ય, સરળતાભર્યું હતું. જનજીવન સામાન્ય કહી શકાય એવુ હતું કારણ કે જીવનમાં ઝડપ અને સ્પર્ધાની હાજરી ન હતી. ઉદારીકરણ પ્રવેશ્યું તે પછી જનજીવનને તણાવનો અનુભવ થયો અને તે હવે કાયમી થઈ ગયો કારણ કે વૈશ્વિક હરિફાઈ, વસતી વિસ્ફોટ અને અત્યાધુનિક ઉપકરણોમાં પ્રત્યેક દિવસે ઉમેરો થતો રહ્યો છે. ભારતમાં આધુનિક સમયમાં જનજીવનની શાંતિ ડહોળાતી જાય છે. મુખ્યત્વે સીમાવર્તી રાજ્યોમાં વ્યાપક થતો ઉગ્રવાદ અને દેશની અંદર વ્યાપક થતો જનઆક્રોશ અને તેમાં મુખ્ય કૃષિક્ષેત્ર. ખેડૂતોની આત્મહત્યા, ઉપજના નબળા ભાવ, વધતો કૃષિખર્ચ, નબળી કૃષિ વ્યવસ્થા અને વ્યાપક કૃષિકારોનો અજંપો... ઉપરાંત શિક્ષણના ક્ષેત્રમાં સમાન નીતિના અભાવે હવે તો પ્રાથમિક શિક્ષણમાં લૂંટ જેવું વાતાવરણ સમાજમાં ખૂબ હતાશા, નિરાશા અને ઉદાસિનતા ફેલાવી રહ્યું છે. ટૂંકમાં કહીએ તો કૃષિ અને કેળવણીના ક્ષેત્રમાં પૂરા રાષ્ટ્રમાં લોકો સડક પર ઉતરી હિંસલ શૈલીથી વ્યક્ત કરવા લાગ્યા છે. ટીવી પર આવાં દશ્યો જોઈને આઘાત લાગે છે. ભારતની લોકશાહીનું આ પ્રકારનું પરિણામ શા માટે?

કૃષિકારોને ખેતર અને પોતાની પ્રવૃત્તિ ઉપરથી દિલ ઉઠી ગયું છે અને તેઓ હતાશામાં ધકેલાઈ રહ્યા છે. તાજેતરમાં સરકારના રિપોર્ટમાં જે તારણો જાણવા મળ્યાં તે મુજબ મહારાષ્ટ્ર, વિદર્ભ, આંધ્ર, બિહાર, ઉત્તર પ્રદેશમાં કૃષિકારોના આપઘાતના કિસ્સાઓમાં પ્રતિવર્ષ વૃધ્ધિ થઈ રહી છે. કૃષિ દેવાં માફ કરવાથી સવાલ જે સળગી રહ્યો છે તે બુઝાઈ શકતો નથી. શા માટે ખેડૂતો દેવાંમાં ડૂબેલા રહે છે તે પ્રશ્નો જવાબ સ્થિતિ સુધારી શકે છે. દેવામાફીનો માર્ગ પ્રવર્તમાન બેન્કિંગની ઢાંચાની વ્યવસ્થાને જબરી હાનિ પહોંચાડે છે એવી વાત એસબીઆઈના ચેરપર્સન અરુંધતી રોયે વ્યક્ત કરેલી ત્યારે સર્વત્ર તેની આલોચના કરવામાં આવી હતી. ખેડૂતોના પ્રશ્નોમાં ઘણી વિવિધતા છે. જેમ કે નબળું ચોમાસું, પૂર, ઈનપુટ્સનાં ભાવોમાં વૃધ્ધિ, ઉપજ તૈયાર થતાં જ ભાવો તળિયે જવા, લઘુત્તમ ટેકાના ભાવમાં વૃધ્ધિ ના થવી, સરેરાશ આવકમાં કમી થવી... આ બધાંને લીધે તેઓને ખેતી ઉપરથી પ્રેમ ઊઠીગ ગયો છે.

દેવું બૅન્કોમાં નવું-જૂનું થાય છે જેથી પ્રવાહિતા કદિ વધતી નથી. શાસક વર્ગ પ્રગતિ માટે ઈ-મંડી, ઈ-કોમર્સની વાતો કરે છે, જેનો વ્યવહારુ લાભ વ્યક્તિગત કિસાન કદિ લઈ શકે તેવી સ્થિતિ હોતી જ નથી. સરકારની પાક-ફસલ વીમા યોજના કિસાનોના મતે નિષ્ફળ જ ગઈ છે. દેવાં માફીનું તત્ત્વ કદિ ઈષ્ટ હોતું નથી, તેમાંથી અસંતોષનો અગ્નિ વધુ સળગે છે. કૃષિક્ષેત્રને બચાવવાની ઝૂંબેશ સઘન રીતે ચલાવવી પડે તેમ છે. વચેટિયાઓનો વર્ગ લાભ બધો સ્વાહા કરી જાય છે. એટલે ઉપભોક્તા નારાજ થાય છે અને ખેડૂતો તારાજ થાય છે. આ સ્થિતિનું સમતોલન જરૂરી છે.

રસ્તા ઉપર દૂધ અને શાકભાજી ફેંકાતા જોઈને એમ થાય કે આપણાં આર્થિક આયોજનનાં ફળ આવાં હોય? શા માટે વાસ્તવિક વિકૃતિઓને ધ્યાનમાં લઈને આયોજન થતાં નથી અને માત્ર રાજકીય બયાનબાજીઓ વ્યાપક થઈ જાય છે?

જનઆક્રોશ દબાવવા પ્રશાસન હિંસા ઉપર જાય તો પ્રજાની આપત્તિ અને આંસૂઓ જ ભેટ સ્વરૂપે મળશે. જરૂરત છે કૃષિના પ્રશ્નોને યોગ્ય રીતે સમજવાની અને ખેડૂતોને તેમની મહેનતનું યોગ્ય આર્થિક વળતર મળે તે સુનિશ્ચિત કરવાની. આ કાર્ય થાય તો જ કૃષિના અજંપાને ટાળી શકાય. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સાથે મળી રાજ્ય મુજબ નીતિ બનાવી શકે છે. ઈન્ટરનેટ આધારિત વ્યવસ્થાની ભ્રામક દુનિયા હજી આપણી ખેતી વ્યવસ્થાને ગતિશીલ જણાતી નથી અને એ વ્યવહારુ નથી. ઉપરાંત સરકાર ટેકાના ભાવના કદમથી પીછેહઠ કરવા જઈ રહી છે તેવું કૃષિસંઘો દઢતાપૂર્વક માની રહ્યા છે.

શિક્ષણના ક્ષેત્રમાં વ્યાપક અરાજકતા પ્રવર્તે છે. પ્રાથમિક શાળાનું શિક્ષણ નિઃશુલ્ક જ હોવું જોઈએ અને ખાનગી શાળાઓની મનમાનીને ગંભીર અપરાધ જ કેમ ના ગણવો તે વિચારવાની જરૂર છે. સમાન નીતિ સર્વત્ર ઘટે છે. ગરીબ પરિવાર કદી ભણી જ ના શકે તેવો આપણો દેશ પસંદ આવે ખરો? કડવી દવાની જરૂરત હોય ત્યારે એ આપવી જ પડે. માનવ બધાં માનવ શા માટે બનતાં નથી? પ્લીઝ, સૌ મનોમંથન કરશો હવે?

શેર આસ્વાદ

છે પથ્થરોથી સખત
આ શાહીનું ટીપું,
પીડાની મૂર્તિઓ કંડારવી
ક્યાં સહેલી છે?

(રમેશ પારેખ)

**આભાર ભાવ**

વાચકોના સ્નેહના સથવારે 'જીવન ઉપવન' કૉલમે સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કર્યું છે. અનેક વાચકોના પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યા છે અને અનેકે મૌખિક પ્રતિસાદ પણ પાઠવ્યા છે. સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવવાનું કે પ્રતિસાદ આપતાં રહેશો. આપનાં મંતવ્યો, સૂચનો હંમેશાં આવકાર્ય છે.

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

**'મારું પ્રિય પુસ્તક'**